સી.સી.નં. ૭૩૦/૨૦૨૬

**મે.દેડીયાપાડા એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.દેડીયાપાડા**

**ક્રિ.કેસ નં.૭૩૦/૨૦૨૬**
**આંક:– ૬**

***ફરિયાદી*** :– **શ્રી સરકાર.**

***વિરૂધ્ધ***

***આરોપી*** :– **સુરેશભાઈ રાજ્યાભાઈ વસાવા,**
**રહે. દેડીયાપાડા**
**ગુનો:– બી.એન.એસ.ની કલમ–૨૮૫ મુજબ**

**–// ઠ રા વ //–**

આ કામના આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ.ની કલમ–૨૮૫** મુજબ ના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપીએ પોતાનું વાહન **જાહેર રોડ ઉપર ઉભુ રાખી રાહદારી તથા ટ્રાફીકને અડચણરૂપ થાય તેવુ કૃત્ય કરેલ છે.** આ કામમાં **આંક.૪** થી આરોપીની પ્લી લેવામા આવેલ છે. આરોપીએ **આંક.૫** થી કબુલાત પુરશીશ આપી ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે.આરોપીએ રજુઆત કરેલ છે કે તેઓ ખુબજ ગરીબ અને મજુર વર્ગના માણસ છે. કુટુંબ માં એકલા કમાનાર છે તેમના કુટુંબની નાના બાળકોની ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે અને તેમને જેલની સજા કરવામાં આવે તો તેમની પ્રતિષ્ટાને ગંભીર હાની થાય તેમ છે તેમજ કુમળી વયના બાળકોના માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે. આરોપી વધુમાં રજુઆત કરેલ છે કે હવે પછી આવો ગુન્હો કરશે નહિ તેવી ખાતરી આપે છે અને તેમ જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે અને ઓછો દંડ કરવા દલીલ કરેલ છે.

આરોપીની રજુઆત અને સ્થિતી તેમજ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, હાથપરના કેસની હકીકતો , સંજોગો ધ્યાને લેતા તથા **નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર,૨૦૦૫ જી.એલ.આર પાના નંબર ૭૦૯** ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગો ધ્યાન લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

સી.સી.નં. ૭૩૦/૨૦૨૬

−::હુકમ::−

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ−૨૭૫** અન્વયે **બી.એન.એસ.ની કલમઃ−૨૮૫** ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને **રૂા.૩૦૦/− (અંકે રૂપીયા ત્રણસો પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો વધુ દિન−૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલનો નિયમોનુસાર નિકાલ કરવો.

**હુકમ આજરોજ લોક અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો.**

તા.૧૧/૦૭/૨૦૨૬
સ્થળ : દેડીયાપાડા

(નિખિલ ચંદ્રસેન જાધવ)
એડી. ચીફ. જયુડી મેજી.,
દેડીયાપાડા